ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



**કે.બી. વ્યાસ**
જીવ કલ્યાણ સંસ્થા, જિલ્લા પેન્શનર સમાજ, શિહોર કેળવણી મંડળ - પ્રમુખ
શહેર પેન્શનર સમાજ - ટ્રસ્ટી
ગાંધીનગર બ્રહ્મ સમાજ, ગુજરાત પુસ્તકાલય મંડળ - સલાહકાર
મો. ૯૮૨૫૦૩૩૦૭૪



**ભાનુભાઈ એસ દવે**
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮



**તરલિકાબેન રમેશભાઈ વ્યાસ**
પ્રાથમિક શિક્ષક
મો. ૯૭૨૭૧ ૬૫૩૬૦



**હરસિદ્ધ અજીતજી ઠાકોર**
મો. ૭૦૧૬૬૭૭૮૨૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એમ બી પટેલ કન્યા પ્રાથમિક સ્કૂલ ખાતે ઊર્જા સ્રોત અને બચત વિષયે સેમિનાર




## પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોનો વપરાશ વધારવો જરૂરી છે તે અંગેનું માર્ગદર્શન આપતું એક પ્રેઝન્ટેશન રજૂ કરાયું અને ઊર્જા સંદર્ભમાં એક ક્વિઝ પ્રોગ્રામ પણ યોજાયો

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ ખાતે ગુજરાત રાજ્ય ઊર્જા વિકાસ એજન્સી (જેડા) તથા નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા ધોરણ-૮ની ૧૩૦ વિદ્યાર્થીની બહેનો માટે 'ઊર્જાનાં વિવિધ સ્ત્રોતો તથા તેની બચત' વિષયે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિસર્ગ સેન્ટરના સંયોજક હાર્દિકભાઈ મકવાણા તથા તેમની ટીમના સભ્યો દ્વારા ઊર્જા એટલે શું ? ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતો, ઊર્જા ઉત્પન્ન કરવા માટે થતો ખર્ચ, ભવિષ્યમાં ઊર્જાને લાંબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય તે માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોનો વપરાશ વધારવો જરૂરી છે તે અંગેનું માર્ગદર્શન આપતું એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઊર્જા સંદર્ભમાં એક ક્વિઝ પ્રોગ્રામનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સાચો જવાબ આપનાર વિદ્યાર્થિનીઓને ઈનામ રૂપે પૅન આપવામાં આવી હતી. ઊર્જા બચત તથા સ્રોત સંદર્ભમાં પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું, જેમાં બાયોગેસ, બાયોમાસ, પવનચક્કી, સોલાર સ્ટીલ, સોલાર વોટર હીટર, જળવિદ્યુત મથક વગેરેની સંપૂર્ણ માહિતી ચાર્ટ સ્વરૂપે દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શાળાના વિજ્ઞાન શિક્ષક ચંદ્રકાન્તભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને નાસ્તો નિસર્ગ સેન્ટરના ઉપક્રમે આપવામાં આવ્યો હતો. આચાર્ય નીરૂબેન જે પટેલ દ્વારા નિસર્ગ સેન્ટર અને જેડા પ્રતિ આ સુંદર અને ઉપયોગી આયોજન બદલ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

### ઊર્જાનું મહત્ત્વ ઉજાગર કરવા

# એસ જી સ્કૂલમાં સ્પર્ધાઓ યોજાઈ





## ઊર્જા વિષયે સૂત્રલેખન અને નિબંધલેખન સ્પર્ધા યોજાઈ : ૨૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૪

ઊર્જાના મહત્વ અંગે જાગૃતિ પેદા કરવા અને પરમાણુ ઊર્જા સંબંધિત ગેરસમજો દૂર કરવા રાષ્ટ્રીય સ્તરે યોજાતા અભિયાનના એક ભાગ તરીકે શ્રીમતી એસ.જી.ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કુલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર, ગુજરાત ખાતે બાળકો માટે સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

નિબંધ લેખન સ્પર્ધાનો વિષય 'સ્વચ્છ ઊર્જા-હરિયાળી ઊર્જા' હતો અને તે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ભારત સરકારનું ઉપક્રમ) વતી આયોજીત કરાઈ હતી.

આ સ્પર્ધામાં ૨૬૫ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, વિદ્યાર્થીઓની કામગીરીનો નિર્ણય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ.

પ્રથમ ક્રમે રિતેશ બી. દરજી (ધો.૭ ઈ) અને દ્વિતિય ક્રમે હિમાંશી એમ. ભોપે (ધો.૭ ડી) વિજેતા બન્યાં હતાં.


આ પ્રસંગે શાળાનાં આચાર્ય મિલિ સિંઘે જણાવ્યું હતું કે બાળકોની અભિવ્યક્તિએ તેમની સર્જનાત્મકતાનો એક સંકેત છે. બાળકોએ ખુબજ સુંદર રીતે ઊર્જાનું મહત્વ રજુ કર્યું હતું અને પરમાણુ ઊર્જા વીજળી ઉત્પાદન કેવી રીતે પર્યાવરણ માટે નુક્શાનકારક નથી તે પણ દર્શાવેલ. તેમણે પણ વિજેતા બાળકોને ઈનામો આપ્યા હતાં. આ પ્રસંગે નિર્ણાયકોએ ભાગ લેનારા બાળકોના કાર્યની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે આનાથી બાળકોમાં વિજ્ઞાન અને ઊર્જા અંગેની જાગૃતિ વધશે.

પરમાણુ ઊર્જા અંગે જીગૃતિ પેદા કરવા માહિતીપ્રદ સામગ્રી વિજેતા બાળકો, શાળાના શિક્ષકો અને આચાર્યને વહેંચવામાં આવી હતી.

આ પ્રસંગે પરમાણુ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે ગ્રામજનોને પ્રરિત કરતી કાલ્પનિક પાત્ર પર આધારિત બુધિયા ચિત્ર વાર્તા (કોમિક્સ) વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવામાં આવેલ. આ પાત્ર શ્રી અમૃતેશ શ્રીવાસ્તવ, મીડિયા મેનેજર, એનપીસીઆઈએલ દ્વારા બનાવવામાં આવ્યું છે. આ કાર્યએ તેની સાદગી અને અસરકારકતા માટે ઘણાં પુરસ્કારો જીત્યા છે. એ જ પાત્ર પરની ખાસ ત્રણ ભાગની એનિમેટેડ ફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

હાલમાં ભારતમાં અણુઊર્જાનું ઉત્પાદન ૬૭૮૦ મે.વો. છે. અને તેને ૨૦૨૩ સુધીમાં ૧૩,૦૦૦ મે.વો સુધી પહોંચવાનું આયોજન છે.

# ચૈતન્ય સ્કૂલની વિદ્યાર્થિની એનટીએસીની પરીક્ષામાં ઝળકી



ગાંધીનગર, તા. ૨

ચૈતન્ય સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની તીયા જૈને એનટીએસીની મેરિટ સ્કોલરશીપ પ્રાપ્ત કરી છે. ઉલ્લેખનીય છે કે આ મેરિટ માટેની એક્ઝામમાં તીયાએ ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

તીયા નર્સરીથી જ ચૈતન્ય સ્કૂલમાં અભ્યાસ કરી રહી છે અને તે સ્કૂલમાં યોજાતી દરેક શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લે છે.

શાળા પરિવાર દ્વારા તીયાને આ અસાધારણ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્યો





ગાંધીનગર શહેરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પુષ્યનક્ષત્ર નિમિત્તે શામળાજી વિસ્તારની ૧૨ સ્કૂલ્સના ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને સુવર્ણપ્રાશન કરાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ ઉપક્રમ માટેનો આ પંદરમો રાઉન્ડ હતો. ઈશ્વરપુરા, જાભચિતરીયા, અણસોલ, રંગપુર વગેરે સ્કૂલ્સને આ ઉપક્રમમાં આવરી લેવામાં આવી હતી. નવનીત ત્રિવેદી, ગામેતીભાઈ તથા યોગેશભાઈએ આ માટે પોતાની સેવાઓ આપી હતી.

આ જ દિવસે સવારે જાભચિતરીયામાં ૧૨૭ જેટલાં વૃદ્ધોને અને અણસોલમાં ૧૮ ૩ કિગ્રા ચોખા તથા જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

# ખ્યાત ગુજરાતી કવિ - વિવેચક નિરંજન ભગતની વસમી વિદાય



ગાંધીનગર, તા.૩

ગુજરાતી કવિ, વિવેચક શ્રી નિરંજન નરહરિભાઈ ભગત. સાહિત્યનો ચાલતો ફરતો ખજાનો હતા. આપણા મોટા ગજાના કવિઓમાં નિરંજન ભગત પહેલા એવા કવિ હતા જે ગામડાને બદલે શહેરમાં ઉછરેલા હતા. તેઓ ૯૨ વર્ષની જૈફ વયે શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્યારા બની ગયા છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ કૃપા પાત્ર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈની ૧૯૮ મી જન્મજયંતીએ સાંજે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના મહંત શ્રી ભગવત્ પ્રિયદાસજી સ્વામી તથા અન્ય સંતો સાથે પરામર્શ કરતાં શ્રી નિરંજન ભગતે જણાવ્યું હતું કે, શ્રી મુક્તજીવન સ્વામીબાપાના ખૂબજ નીકટતાથી દર્શન કરવાનો લ્હાવો મને અનેકવાર સાંપડ્યો હતો. તેઓશ્રી વૈદિક સંસ્કૃતિના અને પશ્ચિમી સંસ્કૃતિના સંયોજક હતા. શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું ચિંતન તમામ સમાજના કલ્યાણાર્થે હતું.

કવિ શ્રી નિરંજન ભગતની સ્વામિનારાયણ ભગવાનના સંતો સાથેની આ અંતિમ સત્સંગ મુલાકાત હતી.

### ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા

# 'મારી શાળા મારું ગૌરવ' પ્રૉજેક્ટ અંતર્ગત સ્પર્ધાઓ યોજાઈ





ગાંધીનગર, તા. ૪

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા 'મારી શાળા મારું ગૌરવ' પ્રોજેક્ટ અંતર્ગત શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ક્રમમાં પ્રથમ સીઆરસી કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેર વિસ્તારની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દરેક સ્પર્ધામાં વિજેતા બનેલાં બાળકોને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

**સ્પર્ધાદીઠ વિજેતા વિદ્યાર્થીઓ**

**વક્તૃત્વ સ્પર્ધા**

| | ધોરણ-૩થી ૫ | | ધોરણ-૬થી ૮ | |
|---|---|---|---|---|
| ક્રમ | શાળા | વિજેતા | શાળા | વિજેતા |
| ૧ | ઈન્દ્રોડા | તનુબા ગોહિલ | ધોળાકુવા | રોશની મારવાડી |
| ૨ | સે.૩ | કૃપાલી ઠાકોર | સે.૨૨ | ધર્મેશ નિનામા |
| ૩ | ગોકુળપુરા | આશા ભરવાડ | સે.૬ | સનીબેન ઠાકોર |
| ૪ | સે.૨૯/૧ | રિઝવાના મલેક | સે.૨૯/૧ | સાનિયા બેલિમા |
| ૫ | સે.૨૦/૧ | અર્પિતા વાણિયા | સે. ૨૦/૧ | સોનલ ઠાકોર |
| ૬ | સે.૨૪/૧ | અંકિત નાયી | સે. ૨૩ | શીતલ ઠાકોર |
| **સુલેખન સ્પર્ધા** | | | | |
| ૧ | સે.૩ | જિયા સોલંકી | સે.૧૩/૨ | તરૂણ સોલંકી |
| ૨ | ઈન્દ્રોડા-૧ | ધનવાન મકવાણા | ધોળાકુવા | અંશિકા કોરી |
| ૨ | સે.૭ | હેતા વ્યાસ | | |
| ૩ | ગોકુળપુરા | સ્ટેની મોલાત | ફતેપુરા | ઈશ્વર પરમાર |
| ૪ | આદિવાડા | નેહલ દંતાણી | સે.૨૭ | મોતીભાઈ મછાર |
| ૫ | પાલજ | ધનેશ્વરી વાઘેલા | બોરીજ | કીર્તિ યાદવ |
| ૬ | જીઈબી | અજી ઠાકોર | સે.૩૦ | ભાવેશ દંતાણી |
| **નિબંધલેખન સ્પર્ધા** | | | | |
| ૧ | સે.૨૮/૨ | હિતેશ વઢિયારી | જીઈબી | અંજના સોલંકી |
| ૨ | સે.૨૧ | નૈસર્ગી શ્રીમાળી | સે.૨૧ | શુભમ શ્રીમાળી |
| ૩ | સે.૨૪/૧ | રિદ્ધિ દેસાઈ | સે.૨૪ | જિનલ પરમાર |
| ૪ | સે.૩ | ગોપી ભરવાડ | સે.૬ | પ્રિયંકા બરજોડ |
| ૫ | સે.૭ | જોશના ભાટી | ઈન્દ્રોડા-૧ | સુરેખા ગોહિલ |
| ૬ | ઈન્દ્રોડા-૧ | અંકિતા સોલંકી | | |
| ૭ | ગોકુળપુરા | દિશા માળી | | |